# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

**CIN: U40102GJ2003SGC042908;**

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : **forum.pgvcl@gebmail.com**; વેબસાઈટ : **www.pgvcl.com**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૮/ક્વા-03/૨૦૨૩-૨૪/ ૩૬૩૭ - ૬ તારીખ : ૦૩-૧૧-૨૦૨૩

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,

શ્રી મીનાબેન ભાવેશભાઈ રૈયાણી

લક્ષ્મણ ધામ સોસાયટી શેરી નં.૨, ક્રિષ્ના કોમ્પ્લેક્ષની બાજીમાં, રાજનગર ચોક, નાનામવા મેઈન રોડ,

મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,

પીન કોડ. : ૩૬૦૦૦૫

મોબાઈલ : ૯૪૨૬૯૯૮૬૧૭૯

વિષય : ફોલ્ટી મીટરનું બીલ યોગ્ય કરવા અંગે..

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૧૨-૧૦-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૮/ક્વા-03/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, લક્ષ્મીનગર રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ


પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૮/ક્વા-૩/૨૩-૨૪/3537-6 તા. 03-11-2023

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

**નોંધણી નંબર-૦૮/ક્વા-૩/૨૩-૨૪, તા.૧૩-૧૦-૨૦૨૩**

અરજદાર : શ્રી મીનાબેન ભાવેશભાઈ રૈયાણી, ગામ : રાજકોટ

રજૂઆત કરનાર : અરજદાર વતી તેમના પ્રતિનિધિ તરીકે વાલજી ધરમશીભાઈ રૈયાણી હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા પક્ષકાર-૧ : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર -૨

રજૂઆત કરનાર :શ્રી બી.એમ.પટેલ કાર્યપાલક ઇજનેર અને તેમની સાથે શ્રી એસ.બી.પટેલ, અધીક્ષક હિશાબનીશ (રેવ.), પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨ તેમજ એસ.એમ.પરમાર પીજીવીસીએલ, લક્ષ્મીનગર પેટાવિભાગીય કચેરી રાજકોટ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૨૫.૧૦.૨૦૨૩ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૫.૧૦.૨૦૨૩ (બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી મીનાબેન ભાવેશભાઈ રૈયાણી લક્ષ્મીનગર પેટાવિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં.૮૭૬૦૧/૦૬૨૧૮/૦ થી ૧૦ કિ.વો.નુ RGPU ટેરીફનું વીજજોડાણ ધરાવે છે.

૨.૧ અરજદારને તા.૧૩.૦૭.૨૦૨૩ થી રૂ.૨૫૮૩/૦૫ નું વીજબીલ આવેલ જે ભરપાઈ કરી આપેલ. ત્યારબાદ તા.૧૦.૦૮.૨૦૨૩ ના રોજ ફોલ્ટી મીટરનું સરેરાશ ૪૪૦ યુનીટનું વીજબીલ આપેલ છે. ત્યારબાદ મીટરનો ફોલ્ટ થયેલ હોવાથી તા.૧૪.૦૮.૨૦૨૩ થી મીટર બદલાવેલ ત્યારબાદ તા.૨૨.૦૯.૨૦૨૩ ના રોજ ફરીથી સરેરાશ વપરાશનુ ૪૪૦ યુનીટનું વીજબીલ આપેલ છે. જે અન્યાયી હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકારના પત્ર નં-૩૯૨૭ તા.૨૧-૧૦-૨૦૨૩ થી ગ્રાહકશ્રી મીનાબેન ભાવેશભાઈ રૈયાણીને માહે ઓગષ્ટ-૨૦૨૩ ના રોજ ફોલ્ટી મીટર સ્ટેટ્સનું ૪૪૦ યુનિટનું વીજબીલ તા.૧૦.૦૮.૨૦૨૩ થી અપાયેલ છે. ત્યારબાદ તા.૧૪.૦૮.૨૦૨૩ ના રોજ ફોલ્ટી મીટરને આધારે મીટર બદલાવેલ.

૩.૧ ત્યારબાદ અરજદારને એલ.ટી.બિલીંગમાં સપ્ટેમ્બર-૨૦૨૩ નું વીજબીલ ૪૪૦ યુનિટનું આપવામાં આવેલ. આમ અરજદારે માહે સપ્ટે-૨૦૨૩ ના તા.૨૨.૦૯.૨૦૨૩ ના રોજના વીજબીલ સામે રજૂઆત કરેલ છે.

૩.૨ અરજદારની સદર રજૂઆતને ધ્યાને લઇ પીજીવીસીએલ દ્વારા જુના ફોલ્ટી મીટરના સરેરાશ ૦૪ દિવસ (૧૦.૦૮.૨૦૨૩ ના ઓગસ્ટ-૨૦૨૩ ના બીલની તારીખથી લઇ મીટર બદલાવેલ તે તારીખ ૧૪.૦૮.૨૦૨૩) ની ધ્યાને લઇ રીડીંગ કુલ ૩૪૪ યુનિટ (નવા મીટર નો વપરાશ ૨૮૬ યુનિટ + ૫૮યુનિટ, ૪ દિવસની ફોલ્ટી મીટરની એવરેજ) નું બીલ આકારવામાં આવેલ છે અને બાકીના ૯૬ યુનિટ (૪૪૦ યુનિટ - ૩૪૪ યુનિટ = ૯૬ યુનિટ) ના રૂ.૮૨૩/૧૭ જમા આપવા પાત્ર થાય છે જે લક્ષ્મીનગર પેટાવિભાગીય કચેરી દ્વારા ગ્રાહકને રૂબરૂ બોલાવીને જાણ કરેલ છે. પરંતુ ગ્રાહક દ્વારા કોઈ હકારાત્મક અભિગમ દાખવેલ ન હોઈ આ અંગેની તેમની ફરિયાદ ગ્રાહક ફોરમ સમક્ષ ચાલુ રાખવા જણાવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રી મીનાબેન ભાવેશભાઈ રૈયાણી લક્ષ્મીનગર પેટાવિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં.૮૭૬૦૧/૦૬૨૧૮/0 થી ૧૦ કિ.વો.નુ **RGPU** ટેરીફનું વીજજોડાણ તા.૦૬-૦૫-૨૦૦૯ થી ધરાવે છે.

૪.૨ અરજદારના સદર વીજજોડાણમાં માહે ઓગષ્ટ-૨૦૨૩ ના રોજ ફોલ્ટી મીટર સ્ટેટ્સનું ૪૪૦ યુનિટનું વીજબીલ તા.૧૦.૦૮.૨૦૨૩ થી અપાયેલ છે. તા.૧૪.૦૮.૨૦૨૩ ના રોજ સદર ફોલ્ટી મીટરને બદલાવેલ. ત્યારબાદ અરજદારને એલ. ટી. બિલીંગમાં સપ્ટેમ્બર-૨૦૨૩ નું વીજબીલ ૪૪૦ યુનિટનું આપવામાં આવેલ, જે બીલ અરજદારને અન્યાયી લાગતા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.3 અરજદારના વીજબીલ તા.૧૦-૦૮-૨૦૨૩ મુજબ મીટર ફોલ્ટી હોય, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૧૪-૦૮-૨૦૨૩ ના રોજ અરજદારના પ્રતિનિધિની હાજરીમાં ચેકિંગ શીટ નં – **RCC** ૧૦૭૦૭૪ થી મીટર બદલાવેલ. અરજદારના હાલના રીડીંગમાં "F" ની નોંધ કરેલ છે. સદર L&T કંપનીના મીટર નં 11154639 ની ચકાસણી મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં તા.૦૨-૦૯-૨૦૨૩ ના રોજ અરજદારને અપાયેલ નોટીસ મુજબ લેબમાં ઉપસ્થિત ન રહેતા એકતરફી ચકાસણી કરેલ છે, જેના રીપોર્ટ મુજબ મીટરના રીડીંગ કે એમ.આર.આઈ. આવેલ નથી અને મીટર ફોલ્ટી છે.

૪.૪ **LT Billing** સીસ્ટમ મુજબ મીટર બદલ્યા બાદ અરજદારનું બીલ ૪૪૦ યુનીટનું અપાયેલ હતું, ત્યારબાદ અરજદારની રજૂઆત અન્વયે અગાઉનું વીજબીલ તા.૧૦.૦૮.૨૦૨૩ બાદ તા.૧૪.૦૮.૨૦૨૩ ના રોજ સવાલવાળું મીટર બદલાવેલ હોવાથી, તા.૧૦.૦૮.૨૦૨૩ થી તા.૧૪.૦૮.૨૦૨૩ સુધીના કુલ ૦૪ દિવસનો વીજવપરાશ અગાઉની સરેરાશ મુજબ પ્રતિદિન સરેરાશ વપરાશ (૪૪૦/30) ગણતરીમાં લેતા કુલ ૫૮ યુનીટ અને તા.૧૪.૦૮.૨૦૨૩ થી નવું મીટર મુકેલ છે, ત્યારથી બીલની તા.૨૨.૦૯.૨૦૨૩ સુધીમાં નોંધાયેલ ૨૮૬ યુનીટ ગણતરીમાં લઈને કુલ ૩૪૪ યુનીટનું રીવાઈઝ વીજબીલ રૂ.૩૦૬૦/૩૮ ભરપાઈ કરવાના થાય છે, જે બીલની રકમ અરજદારે નિયમાધીન ભરપાઈ કરવા પાત્ર છે. સદર

વિગતોને ધ્યાનમાં લેતા અરજદાર ગ્રાહકને અગાઉ અપાયેલ વીજબીલ ૪૪૦ યુનીટનું રૂ.૩૮૮૩/૫૫ નું રદ કરીને અરજદારના બિલીંગ ખાતામાં રૂ.૮૨૩/૧૭ જમા કરેલ છે.

૪.૫ સદર કેસની સુનાવણી દરમ્યાન અરજદારને ઉપરોક્ત મુદ્દા નં ૪.૫ મુજબની વિગતે અરજદારને માહિતગાર કરતા, અરજદારે હકારાત્મક અભિગમ દાખવેલ હોય, પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે કે અરજદારને રીવાઈઝ બીલ આ હુકમ મળ્યે દિવસ-૦૭ માં અત્રેના ફોરમની જાણકારી હેઠળ આપવાનું રહેશે.

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વાકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot